# કોલવડામાં બિસ્માર માર્ગો પર ભયંકર કાદવ-કીચડનો માહોલ

**કોલવડાના બિસ્માર માર્ગો પર ખાડાઓમાં વરસાદી પાણીના ભરાવાને કારણે વાહનચાલકોને મુશ્કેલી : કાદવ-કિચડ સહિત દુર્ગંધનો માહોલ : માખી-મચ્છર જેવા જીવજંતુઓના ઉપદ્રવ સાથે રોગચાળાનો ભય**



ગાંધીનગર, તા.૦૧

ગાંધીનગરમાં સમાવિષ્ટ કોલવડા ગામમાં કેટલાંક વિસ્તારમાં રોડ-રસ્તાઓની હાલત અત્યંત બિસ્માર બની ચુકી છે જેના પર પડેલાં મસમોટા ખાડાઓમાં વરસાદી પાણીનો ભરાવો થવા સાથે ઠેર ઠેર દૂષિત પાણી ભરાઈ જવા, કાદવ-કીચડ થવો અને માખી-મચ્છર જેવા જીવજંતુઓના ઉપદ્રવ થવા જેવી સમસ્યાઓને કારણે ગ્રામવસીઓ પારાવાર મુશ્કેલી અનુભવી રહ્યાં છે. કોલવડાના દરબાર ભાગોળ, કન્યાશાળા સામેના રાવળ વાસ સહિતના વિસ્તારોમાં અત્યંત બિસ્માર માર્ગો પર પાણીના ભરાવા સાથે કાદવકીચડની સમસ્યા સર્જાઇ છે અને તેના કારણે દુર્ગંધનો માહોલ સાથે રોગચાળાનો ભય ફેલાયો તો છે પરંતુ આ આ માર્ગ ઉપરથી ગ્રામવાસીઓને પગપાળા ચાલતા કે વાહન લઈને પસાર થવું પણ અત્યંત દુષ્કર બન્યું છે.

કોલવડા ગામના દરબાર ભાગોળ અને રાવળ વાસમાં રસ્તાઓ પર ખાડાઓને કારણે વાહનચાલકો અને રાહદારીઓને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. હતો. આ માર્ગો પરથી વરસાદી પાણીના ભારાવાને કારણે કાદવ કીચડની સમસ્યા વધી રહી છે તેમજ માખી-મચ્છર સહિતના જીવજંતુઓના ઉપદ્રવમાં વધારા સાથે રોગચાળનો ભય પણ ફેલાયો છે. ગાંધીનગર શહેરમાં આમ પણ અત્યારે સીઝનલ બિમારીઓનું જોર વધેલું છે અને ઘેર ઘેર માંદગીના ખાટલાં જેવી સ્થિતિ સર્જાયેલી છે. આ વિસ્તારના કેટલાંક રહીશોના જણાવ્યાં અનુસાર આ બિસ્માર માર્ગો અંગે અનેકવાર સ્થાનિક કોર્પોરેટરો સહિત તંત્રને જાણ કરી હોવા છતાં અગમ્ય કારણોસર કોઇ પગલાં ભરવામાં આવ્યાં નથી. આ સ્થિતિમાં કોલવડા ગામના રહીશોને નર્કાગાર જેવી સ્થિતિમાં રહેવાનો વારો આવ્યો છે જેના કારણે તેમના બાળકો પર પણ આરોગ્ય જોખમાવાનો ખતરો મંડરાઇ રહ્યો છે. સત્વરે આ બિસ્માર માર્ગોનું સમારકામ કરાય અને વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા કરવા સાથે જંતુનાશક દવાઓનો છંટકાવ કરવામાં આવે તેવી સ્થાનિકોમાં માંગ ઉઠવા પામી છે.

# રજુઆત : ૨૦૦૨થી સતત ચાલતી કામગીરીમાં કામ કરવા છતાં અમે કરાર આધારિત કર્મચારી છીએ

**વાસ્મો કર્મચારી કલ્યાણ સંગઠ્ઠને મુખ્ય કારોબારી અધિકારી ગાંધીનગરને રજૂઆત કરી**

ગાંધીનગર, તા. ૧

વાસ્મો કર્મચારી કલ્યાણ સંગઠ્ઠને મુખ્ય કારોબારી અધિકારી ગાંધીનગરને લેખિત રજૂઆત કરી હતી. જો તે ૭ દિવસમાં હકારાત્મક નિકાલ નહી આવે તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલનની ચીમકી આપી હતી.

ગાંધીનગર મુખ્ય કારોબારી અધિકારી વોટર એન્ડ સેનિટેશન મેનેજમેન્ટને વાસ્મો કર્મચારી કલ્યાણ સંગઠ્ઠને લેખિત રજૂઆત કરી હતી. જ્યારે રાજ્યના દરેક જિલ્લાના કર્મીઓને મેઈલ થકી રજૂઆત કરી હતી. જે મુજબ ૨૦૦૨થી ૩-૩ કરાર બાદ સપ્ટેમ્બર ૨૦૧૪થી ૧ દિવસની બ્રેક આપી ૧૧ માસના કરાર કરાવી કામગીરી કરાવાઈ રહી છે.

આટલા વર્ષો ફિક્સ પગાર મળતો હોવા છતાં કરાર આધારિત છીએ હાલ વાસ્મોના કર્મી નલ સે જલનું કામ કરે છે. વાસ્મોની શરૂઆત કરવા સમયે રૂલ્સ મંજૂર કરાયા હતા.

જે મુજબ લાભ મેળવવા રજૂઆત કરવા છતાં હકારાત્મક પ્રતિભાવ મળ્યો નથી. જ્યારે તેના કેસ થતા હાઈકોર્ટે પણ કેટલાક આદેશ કર્યા છે. આથી વાસ્મોના કર્મીઓની માંગ છે કે વાસ્મો સર્વિસિસ રૂલ ૨૦૦૨નું પાલન કરાવી લાભો અપાવાય, સરકારી કર્મી જેમ સમાન કામ સમાન વેતન લાભ, નિયમિત કર્મચારી ગણવા, દરેકને પીએફનો લાભ શરૂઆતથી આપવામાં આવે છે, ગેજ્યુઈટી સમયસર ચૂકવવામાં આવે, પ્રવાસ ભથ્થા, ચાર્જ એલાઉન્સ, દર ૩ વર્ષે પોસ્ટ અપગ્રેડેશન લાભ, સર્વિસ રૂલ્સ મુજબ પોસ્ટવાઈઝ પગાર ધોરણ લાભ, ફિક્સ પગારે કામ કરતા કર્મીને વતન મૂળ જિલ્લામાં બદલી કરવા સહિતની માગ કરી હતી. જો માંગ નહી સંતોષાય તો આગામી દિવસમાં આંદોલન કરાશે જેમાં તા. ૫-૯-૨૨ થી ૭-૯-૨૨ સુધી કાળી પટ્ટી ધારણ કરી વિરોધ કરાશે. તા. ૮-૯-૨૨થી ૯-૯-૨૨ સુધી પેન ડાઉન કાર્યક્રમ અને તેમ છતાં માગ પૂરી નહી થાય તો ૧૨-૯-૨૨થી માસ સીએલ પર ઉતરવાના કાર્યક્રમ કરાશેનું જણાવ્યું હતું.

# સાદરા સંકુલમાં પ્રા. રમેશભાઈ મ. પટેલનો વય નિવૃત્તિ કાર્યક્રમ ધામધૂમથી ઉજવાયો



ગાંધીનગર, તા. ૧

મહાત્મા ગાંધી સ્થાપિત ગૂજરાત વિદ્યાપીઠના મહાદેવ દેસાઈ ગ્રામ સેવા સંકુલ સાદરાના બી.એ. એમ.એ. વિભાગના ૩૭ વર્ષથી લોકસેવક તરીકે કામગીરી કરી રહેલા પ્રા. રમેશભાઈ મ. પટેલનો વય નિવૃત્તિ કાર્યક્રમ ધામધૂમથી ઉજવવામાં આવ્યો. સંકુલ સાદરાના કન્યા છાત્રાલયો, કુમાર છાત્રાલયોના અને આવન-જાવન કરતા તેમજ સમગ્ર સેવક પરિવાર સાથે કુલ ૯૦૦ વ્યક્તિઓનો સમૂહ ભોજન કાર્યક્રમ રાખી એક પરિવારનું ઉત્તમ ઉદાહરણ પુરૂ પડાયું. સલામતી સેવકોને ૮ લીટરનું વૉટર બેગ ભેટ અપાયાં. વેશભૂષા સ્પર્ધકોને રૂ. ૨૨૦૦૦નું પ્રોત્સાહકન ઈનામ અપાયું. ગૂજરાત વિદ્યાપીઠના આદરણીય કુલનાયક ડૉ. રાજેન્દ્ર ખીમાણીએ સભા અધ્યક્ષીય સ્થાને પ્રવચન કરતાં કહ્યું કે પ્રા. રમેશભાઈ મ. પટેલ વિદ્યાપીઠના સાચા સેવક, સર્વ ગુણો સંપન્ન સેવક, કર્મઠ સેવક બની સમય પાલનના ચુસ્ત આગ્રહી, ખાદી પરિધાનના ચુસ્ત આગ્રહી અને પ્રાર્થના સંમેલમાં અનેક વિવિધ પ્રવૃત્તિઓના આયોજક બની રહ્યા. પ્રા. રમેશભાઈ મ. પટેલના વય નિવૃત્તિ કાર્યક્રમમાં સંકુલ આજુબાજુના ૧૫ ગામોના અગ્રણીઓ અને ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત તેમના મફાભા-ગંગાબા મોભી પરિવારના ૧૪૦ કુટુંબ સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# રજા ન મળતાં લવારપુરની હોસ્ટેલમાંથી બે બાળકો ભાગ્યા

**ચિલોડા પોલીસ અને હોમગાર્ડ જવાનોએ સહી સલામત તેમના વાલીઓને સોંપ્યા**

ગાંધીનગર, તા. ૧

લવારપુરની હોસ્ટેલમાંથી સવારે બે બાળકો ભાગી ગયા હતા. તેઓને ગણેશોત્સવમાં જવા રજા ન મળતાં તેઓ સવારે નાસી ગયા હતા અને હિંમતનગર હાઈવે સુધી પહોંચી ગયા હતા. ત્યારે ચિલોડાના હોમગાર્ડ જવાનોએ તેમને પકડી તેમના વાલીઓને સોંપ્યા હતા. ત્યારે હાલ બંને બાળકો હોસ્ટેલમાં છે.

હાલમાં ગણેશોત્સવની ઉજવણી ધામધૂમથી થઈ રહી છે. ત્યારે મોટેરાઓ થી લઈને નાના બાળકો પણ તેની ઉજવણીમાં ઉત્સાહપૂર્વક જોડાઈ રહ્યા છે. ત્યારે બાળકોમાં પણ ઉજવણીમાં સામેલ થવા એક ઉત્સાહ જોવા મળતો હોય છે.

ત્યારે આવા ગણેશ મહોત્સવમાં જવા માટે રજા ન મળતાં લવારપુરની એક હોસ્ટેલમાંથી બે બાળકો કહ્યા વિના નાસી ગયા હતા. સવારે આ બંને બાળકો હોસ્ટેલમાંથી નીકળી બહાર હાઈવે સુધી પહોંચી ગયા હતા તેમ કરતાં તેઓ મોટા ચિલોડા પહોંચ્યા હતા. જયાં તેઓને પુરઝડપે દોડતા જોઈ એક વ્યક્તિને શંકા ગઈ હતી. ત્યારે તે વ્યક્તિએ

બંનેને પકડી ચિલોડા સર્કલ પાસે પોલીસ-હોમગાર્ડ જવાનોને સોંપ્યા હતા. ત્યારે હોમગાર્ડ જવાનોએ બંનેને નાસ્તો કરાવી તેમને હોસ્ટેલથી ભાગવાનું કારણ પૂછ્યું હતું ત્યારે તેમણે જણાવ્યું હતું કે ઘરે ગણેશ મહોત્સવમાં જવા માગે અમે હોસ્ટેલમાંથી ભાગ્યા હતા. ત્યારે હોમગાર્ડ જવાનોએ તેમના વાલી અને શિક્ષકનો સંપર્ક કરી તેમને સોંપ્યા હતા. ત્યારે હાલ બંને બાળકો હોસ્ટેલમાં છે.

## વજાપુરા પ્રાથમિક શાળાનો ૫૭મો સ્થાપના દિવસ ઉજવાયો

ગાંધીનગર, તા. ૦૧

વજાપુરા પ્રાથમિક શાળાનો ૫૭મો સ્થાપના દિવસ ખૂબ જ ઉલ્લાસભેર ઉજવાયો હતો. આ કાર્યક્રમના મુખ્ય મહેમાનપદે સાંસદ અને ગુજરાત ક્ષત્રિય ઠાકોર વિકાસ સંઘ પ્રદેશના અધ્યક્ષ જુગલજી લોખંડવાલા, અતિથિ વિશેષ તરીકે ધારાસભ્ય શંભુજી ઠાકોર, જિલ્લા પંચાયત આરોગ્ય સમિતિના ચેરમેન શ્રીમતી મીનાબેન ઠાકોર, વજાપુરાના સરપંચ, ગ્રામજનો, વાલીઓ, વિદ્યાર્થીઓ અને શિક્ષકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કેક કાપીને શાળાના ૫૭મા જન્મદિવસની અનોખી ઉજવણી કરવામાં આવી હતી. ધારાસભ્ય શંભુજી ઠાકોરે વજાપુરા ગામથી હાઈવેના જોડતા પાકા રોડ અને વજાપુરાથી ડભોડા દાદુનગર જતા પાકા રોડને પ્રજા સમર્પિત કર્યા હતા.

## મનપા દ્વારા ગાંધીનગર સંત સરોવર પાસે વિસર્જન માટે કૃત્રિમ કુંડની વ્યવસ્થા

ગાંધીનગર,તા.૦૧

ગાંધીનગર મહાનગર પાલિકા વિસ્તારના શહેરીજનોને ગણેશ મહોત્સવ - ૨૦૨૨ અન્વયે ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા ઈકો ફ્રેન્ડલી ગણેશ મૂર્તિ નો ઉપયોગ કરવા અપીલ કરાઈ છે. તેમજ નદી, તળાવ કે નહેર માં વિસર્જન ન કરે અને કોર્પોરેશન દ્વારા બનાવેલ કૃત્રિમ કુંડનો ઉપયોગ કરવા અપીલ કરાઈ છે.

પ્લાસ્ટર ઓફ પેરીસ (પીઓપી)થી બનેલ મૂર્તિઓના વિસર્જનને કારણે પાણીની ગુણવત્તાને થતી અસરોનો તેમજ પર્યાવરણને થતા નુકસાનને અટકાવવા તેમજ ગણેશજીની મૂર્તિઓ સુંદર બનાવવા માટે પેઈન્ટ્સ કે અન્ય કેમિકલ્સના વપરાશની જગ્યાએ સુશોભન માટે વપરાતા કપડા(કાપડ)નો ઉપયોગ કરવા અને ઈકો ફ્રેન્ડલી(માટીની) ગણેશજીની મૂર્તિનો જ આગ્રહ રાખવો. તા.૩૧/૦૮/૨૦૨૨ થી તા.૧૦/૦૯/૨૦૨૨ સુધી ઈન્દ્રોડા ગામ ખાતે આવેલ સંત સરોવર ની બાજુમાં કૃત્રિમ વિસર્જન કુંડ બનાવવામાં આવેલ છે.

તો તેનો જ બહોળા પ્રમાણમાં લાભ લે તે માટે ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતાને અપીલ કરવામાં આવે છે.

# પર્યુષણ મહાપર્વ દરમિયાન શ્રી ગાંધીનગર શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ સંલગ્ન ૬૪ પ્રહરી પૌષધ, અઠ્ઠાઈ તપ તથા તેથી વધુ તપશ્ચર્યા કરનાર તપસ્વી રત્નો



| | | | |
|---|---|---|---|
| પ્રિતેશભાઈ રમેશચંદ્ર શાહ<br>૪૫ વર્ષ<br>માસક્ષમણ (૩૦ ઉપવાસ) | ડીંકલ વિનોદભાઈ શાહ<br>૧૪ વર્ષ<br>૧૧ ઉપવાસ | કુમુદબેન પ્રદિપકુમાર શાહ<br>૬૮ વર્ષ<br>૯ ઉપવાસ | હેમાલીબેન એ. શાહ<br>૪૫ વર્ષ<br>ક્ષીર સમુદ્ર તપ |

## અઠ્ઠાઈ તપ (૮ ઉપવાસ)



અલકાબેન હેમેન્દ્રભાઈ શાહ, ૬૦ વર્ષ | વીર સંદિપભાઈ વિરવાડીયા, ૭ વર્ષ | ક્રિશા અંકિતભાઈ શેઠ, ૮ વર્ષ | ક્રિષા માવાણી, ૧૧ વર્ષ



ચૈત્ય હિતેશભાઈ દોશી, ૧૨ વર્ષ | પાર્શ્વી હિતેશભાઈ દોશી, ૧૫ વર્ષ | યુગ્મ જીમ્મીભાઈ શાહ, ૧૪ વર્ષ | રિવા નિરલકુમાર પટવા, ૧૫ વર્ષ



ધ્વનિ જીનેશકુમાર શાહ, ૧૭ વર્ષ | જૈના વિરેન્દ્રભાઈ મણિયાર, ૧૮ વર્ષ | દિવ્યા ચિરાગભાઈ શાહ, ૧૯ વર્ષ | મિત જિતેન્દ્રકુમાર સધાણી, ૨૧ વર્ષ



સુપાર્શ્વ હિતેશભાઈ વહોરા, ૨૨ વર્ષ | રાજસી રાજનભાઈ શાહ, ૨૨ વર્ષ | નમ્રતા જીતુભાઈ મહેતા, ૨૩ વર્ષ | રિધમ મૌલિક વખારીયા, ૨૪ વર્ષ



પૂજા જયેશભાઈ શાહ, ૨૬ વર્ષ | નિધિ શિલ્પેશભાઈ ભાવસાર, ૨૫ વર્ષ | હંસલ વિજયભાઈ ગાંધી, ૨૭ વર્ષ | જિનલ અશોકભાઈ શાહ, ૨૭ વર્ષ



ધિરલ અશોકભાઈ શાહ, ૩૦ વર્ષ | કેશા પલકકુમાર શાહ, ૩૦ વર્ષ | મેઘના દિનેસભાઈ શાહ, ૩૦ વર્ષ | નિશિત જયેન્દ્ર શાહ, ૩૨ વર્ષ



સંદિપ નવિનચંદ્ર વિરવાડિયા, ૪૦ વર્ષ | મિહિર જિતેન્દ્રભાઈ મહેતા, ૪૦ વર્ષ | હિતેશ આર. ભાવસાર, ૪૦ વર્ષ | બિનોતી કૃણાલભાઈ શાહ, ૪૪ વર્ષ



નિલેષ સેવંતીલાલ શાહ, ૪૮ વર્ષ | સુનિતાબેન આર. શાહ, --- | સુચિ ભરતભાઈ મહેતા, ૫૫ વર્ષ | હર્ષાબેન કિર્તીભાઈ લાલન, ૬૦ વર્ષ



રંજનબેન જે. મણિયાર, ૭૩ વર્ષ | નિમેશભાઈ કે. બેલાણી, --- | વિવાન ઋષભભાઈ શાહ, ૮ વર્ષ | કાજલ ઋષભભાઈ શાહ, ૩૪ વર્ષ

## ૬૪ પ્રહરી પૌષધના તપસ્વી રત્નો

● અજીતભાઈ કે. શાહ ● અમુલભાઈ વી. શાહ ● રજનીભાઈ ડી. શાહ ● ભરતભાઈ એમ. શાહ ● નવીનભાઈ વિરવાડિયા ● દિનેશભાઈ શાહ ● પ્રવિણભાઈ કે. શાહ ● કનુભાઈ ભાવસાર ● જયેશભાઈ વી. શાહ ● હસમુખભાઈ કે. શાહ ● હર્ષ રોહિતભાઈ છેડા ● કમલેશભાઈ કાંતિલાલ શાહ ● ઋષભ કમલેશભાઈ શાહ ● નીલ કમલેશભાઈ શાહ ● વર્ષાબેન ગુણવંતભાઈ શાહ ● ધર્મિષ્ઠાબેન સંજયભાઈ શાહ ● ખુશ્બુબેન દીક્ષાર્થી